

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ડીસા કોલેજના ૩૦૦ વિદ્યાર્થીઓએ ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવ્યા

પાલનપુર આર.ટી.ઓ કચેરી મુકામે વિદ્યાર્થીઓ માટેના ખાસ ડ્રાઈવઈંગ લાઈસન્સ કેમ્પ અંતર્ગત ડીશા ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ૩૦૦ વિદ્યાર્થીઓ આર.ટી.ઓ. કચેરી એ જ લર્નિંગ લાઈસન્સની પરીક્ષા પાસ કરીને લાઈસન્સ મેલવ્યા હતા. આ દરેક કે દરેક વિદ્યાર્થીને ડીશાથી પાલનપુર આવવા માટે જીલ્લાના પોલીશ વડા શ્રી ડી. બી. વાઘેલા સાહેબના આદેશથી જીલ્લા ટ્રાફિક પીએસાઈ શ્રી દલસાણીયા એ પોલીશ વિભાગની બસોમાં લાવવા લઈ જવાની વ્યવસ્થા ગોઠવેલ હતી. તદઉપરાંત જીલ્લા પોલીશ દ્વારા આવનાર દરેક વિદ્યાર્થીને નાસ્તા ચા-પાણીની પણ વ્યવસ્થા ગોઠવેલ હતી. ડીશા ઉપરાંત પાલનપુર શહેરની સ્વસ્તિક સ્કુલ, એસેન્ટ સ્કુલ, આદર્શ સ્કુલ તથા વિદ્યમંદિરના ૩૦૦ વિદ્યાર્થીઓએ પાકા લાઈસન્સ ની પરીક્ષા પાસ કરી લાઈસન્સ મેળવ્યા હતા.

# બનાસકાંઠામાં ૮ દિવસથી દીપડાનો આતંક : સાત ઘાયલ

ડીસા, તા. ૫

બનાસકાંઠામાં ફરીએકવાર દીપડાએ આતંક મચાવ્યો છે અને સાત લોકો સહીત ફોરેસ્ટ અધિકારી પર પણ દીપડાએ હુમલો કરતા સમગ્ર પંથકના લોકોમાં ભય જોવા મળી રહ્યો છે અત્યારે દીપડો લાખણી તાલુકા નાદલા ગામમાં આવેલા એક એરંડાના ખેતરમાં છુપાયો છે જેને વનવિભાગે હાલ બે પાંજરા ગોઠવી, મારણ મૂકી પકડવાની કવાયત હાથ ધરી છે. જોકે ઉન્માદિત લોકો આ દીપડાને સામુહિક હુમલામાં ઈજા પહોચાડે કે વન વિભાગની નિષ્કાળજી કે ગફલતથી આ દીપડો મૃત્યુ પામશે તો તમામની સામુહિક જવાબદારી ગણી કાયદાની સક્ષમ કોર્ટમાં તમામ સામે પગલાં લેવાશે તેવું ડીસા પાલિકાના પૂર્વ અને જીવદયા-ેમી વિપુલભાઈ શાહે જણાવતા તંત્ર એલર્ટ બનેલ છે.

બનાસકાંઠામાં છેલ્લા ૮ દિવસથી દીપડો આતંક મચાવી રહ્યો છે આ દીપડો સૌથી પહેલા ગઢની બાજુમાં આવેલા કુમભલમેર ગામે દેખાયો હતો અને તે પછી સુંઢા ગામે નીકળ્યો અને સુંઢા ગામેથી નીકળ્યા પછી ડીસાના કંસારી ગામે આવ્યો જયાં બે લોકો ઉપર હુમલો કરી બે લોકોને ઘાયલ કર્યા કંસારીથી નીકળ્યા પછી ગુગલ ગામે આવ્યો અને ત્યાં દીપડાને પકડવા માટે ગાંધીનગરથી રેસ્ક્યુ ટીમ બોલવામાં આવી અને રેસ્ક્યુ ટીમ દ્વારા દીપડાને બેહોશ કરી પકડવાની કામગીરી ચાલુ હતી તે સમયે ફોરેસ્ટ વિભાગના અધિકારી પી. એસ. ચોધરી (વનપાલ કપરા) પર હુમલો કરી તેમની હાથમાં રહેલી દીપડાને બેહોશ કરવા ખાસ મંગાવેલી બંદુક પણ દીપડા દ્વારા ઝડપ મારી તોડી નાખવામાં આવી હતી અને અધિકારી પર હુમલો કરવામાં આવ્યો હતો, અને રાત્રી સમયે વન વિભાગ દવારા હાથ ધરાયેલું આ ઓપરેશન નિષ્ફળ નીવડ્યું હતું અને ગાંધીનગરની ખાસ રેસ્ક્યુ ટીમે મજબુરી વશ અન્ય ગન ન આવે ત્યાં સુધી આ ઓપરેશન પડતું મુક્યું હતું. જોકે રાત્રીનો લાભ મેળવી આ દીપડો ત્યાંથી છટકી ગયો હતો જોકે ત્યાં પણ ત્રણ લોકો પર હુમલો કરી ગંભીર ઈજા પહોચાડી હતી, તેવું ભડથ વનપાલ આઈ. સી. રબારી એ જણાવ્યું હતું.

જયારે બીજી તરફ આ દીપડો આજે વહેલી સવારે લાખણી તાલુકાના નાદલા ગામે પહોચ્યો હતો અને ગામના નારણસિહ દરબાર અને લશ્કરભાઈ મુસલા પર હુમલો કરી ગંભીર ઈજા પહોચાડી હતી. દીપડાનાં નાધ્લા ગામે હોવાના સમાચાર મળતા લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા. જે જોઈ આ દીપડો એરંડાના ખેતરમાં છુપાઈ ગયો હતો.

આ બાબતે જીવદયા ેમી અને પાલિકાના પૂર્વ -મુખ દીપડાને જીવિત બચાવી લેવા અને તેને સુરક્ષિત જંગલમાં છોડવાની અપીલ સાથે આગળ આવ્યા છે તેમને જણાવેલ કે આ દુર્લભ અને ફોરેસ્ટ વિભાગના કાયદામાં શીડ્યુલ વનમાં આવતા -ાણી એવા આ દીપડા ને ઈજા વિના જીવિત પકડવાની રેસ્ક્યુ ટીમની જવાબદારી છે. અગાઉ આવાજ એક કેશમાં લોકોએ દીપડાને તંત્રની નજર સામેજ રહેશી નાખ્યો હતો, અને સમગ્ર બનાવ પર તંત્રે પડદો પાડ્યો હતો, ત્યારે આ માનવે જંગલ વિસ્તારમાં સિમેન્ટ કોક્રિતનાં જંગલો ઉભા કરતા જંગલનાં -ાણીઓ જંગલ વિસ્તાર ઘટતા આ રીતે માનવ વસાહતમાં ઘુસી આવે છે જેને જીવિત અને સુરક્ષિત રીતે પુનઃ જંગલમાં છોડવાની તંત્રની જવાબદારી છે. જો આ દીપડાને ઈજા કે તેનું મોત થશે તો તમામ સામે કાયદાની કોર્ટમાં માનવીય અને જીવદયા અભિગમે પડલા લેવાશે તેવી તેમને સ્પસ્ટ ચીમકી ઉચ્ચારી છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# પાલનપુરના ચિત્રાસણી ટોલબુથ પર બેરેક તોડનાર કારચાલકને પોલીસે ઢોર માર માર્યો

પાલનપુર, તા. ૫

પાલનપુર આબુહાઈ-વે પર ટોલ બુથનુ બેરીકેટને પાડી નાસી ગયેલા વાહનચાલક પર પોલીસે બેરહેમીપૂર્વક રીઢા ગુનેગારની જેમ લાકડીઓ વડે ઢોર માર માર્યો હતો. માર્ગ પર જ દંગલ થતા ભારે ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

આજે રાજસ્થાન તરફથી અકસ્માતગ્રસ્ત વ્યક્તિને ખાનગી કારમાં એક કાર ચાલક ગુજરાતના પાલનપુર તરફ સારવાર માટે લઈ આવ્યા હતા. દરમિયાન ચિત્રાસણી ટોલનાકા પરથી આ કાર પસાર થઈ રહી હતી ત્યારે ટોલનાકાનું બેરેક તુટી ગયું હતું અને કારચાલક ઉતાવળમાં રવાના થઈ ગયો હતો. ત્યારે આજ માર્ગ પર પેટ્રોલિંગ કરી રહેલ પોલીસે અચાનક જ કારને માર્ગ વચાળે અટકાવી કોઈ પણ જાતની પુછપરછ કર્યા વગર જ કારચાલક પર લાકડીઓ આડેધડ ફટકારવાની શરૂઆત કરી હતી. આથી કારચાલકને લોહીયાળ ઈજાઓ થવા પામી હતી. માર્ગ પર જ પોલીસે બહેરહેમીપૂર્વક કાર ચાલકને ઢોર માર મારતા ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

આ ઘટનાને પગલે સ્થાનિક ધારાસભ્ય અને વેપારી આગેવાન દોડી આવ્યા હતા. આ ઘટના અંગે જિલ્લા પોલીસ વડાને કાર્યવાહી કરવા રજુઆત કરી હતી.



# અરવલ્લી જિલ્લા ખાતે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની રચના કરવામાં આવી

ગુજરાતના વિકાસ મોડેલની આજે દેશભરમાં જ નહિં પરંતુ વિશ્વસ્તરે ચર્ચા થઈ રહી છે. ત્યારે નવરચિત અરવલ્લી જિલ્લાની વિકાસયાત્રા પણ સતત-અવિરત તેજ ગતિએ આગળ વધી રહી છે. આજ રોજ અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટરશ્રી બી.જે. ભટ્ટના અધ્યક્ષ સ્થાને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની સ્થાપના અંગે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લાના અગ્રણી નાગરિકોના સહકારથી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની રચના અરવલ્લી જિલ્લાની વિકાસયાત્રામાં એક નવીન છોગુંઉમેરાયું છે. તેમ જણાવતાં કલેક્ટરશ્રી બી.જે. ભટ્ટે આ પ્રસંગે જણાવ્યું હતું કે સેવા-આરોગ્ય ક્ષેત્રે એક નોંધપાત્ર પગલુ લેવામાં આવ્યુંછે. આ કમિટીમાં ૧૦૮ સભ્યોની નોંધણી થઈ ચુકી છે. કમિટિના પ્રેસિડેન્ટ તરીકે કલેક્ટરશ્રી બી.જે. ભટ્ટની નિમણુંક કરવામાં આવી છે. વાઈસ પ્રેસિડેન્ટ તરીકે અધિક જિલ્લા કલેકટરશ્રી એ.બી. પટેલ, આ સોસાયટીના ચેરમેન તરીકે જાણીતા પત્રકારશ્રી ભરતભાઈ પરમાર, વાઈસ ચેરમેન તરીકે જાણીતા સર્જન ડૉ. કે.બી. પટેલની નિમણૂંક કરવામાં આવી છે. માનદ મંત્રી તરીકે શ્રી રાકેશ જોષીની નિમણુંક કરવામાં આવી છે.


ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦


# મોડાસા મામલતદાર કચેરીના ઈ ધરા કેન્દ્રમાં છેલ્લા દોઢ વર્ષથી વારસાઈ નોંધની કામગીરી અટવાઈ જતા અરજદારો પરેશાન

## ૨૦૧૩ જુનથી સોફટવેરમાં વારસાઈનો વિકલ્પ જ ના હોઈ કામગીરી ખોરંભે : નોધ પડાવવા આવનારને ભાગે ધરમના ધકકા

(સમીર બલોચ ધ્વારા)

મોડાસા, તા.૩૦

મોડાસા ખાતેની મામલતદાર કચેરીના ઈ ધરા કેન્દ્રમાં જરૂરી સોફટવેરના અભાવે છેલ્લા દોઢ વર્ષમાં વારસાઈની એક પણ નોંધ નહી પાડી શકાતા જરૂરતમંદોમાં વ્યાપક પરેશાની સર્જાઈ છે અને જેઓ આવી નોંધ પડાવવા માટે આવતા હોય છે તેઓના ભાગે માત્ર ધરમના ધકકા ખાવાનો વારો આવી રહયો છે.

ગુજરાત સરકાર દ્રારા ઈ-ધરા કેન્દ્ર અને સબ રજીસ્ટ્રાર કચેરી એક સાથે જ જોડી પ્રજાના જરૂરી સરળ કામો સરળ બનાવવાની પધ્ધતી અપનાવવામાંઆવી રહી છે ત્યારે મોડાસા મામલતદાર કચેરીના ઈ-ધરા કેન્દ્રમાં છેલ્લા દોઢ વર્ષથી વારસાઈ નોંધની એન્ટ્રી જ પાડી શકાતી ન હોઈ ભારે અચરજ સર્જાયુ હતુ. વારસાઈ નોધ પડાવવા કચેરીએ આવેલા અને ભારે નારાજગી વ્યકત કરી રહેલા લોકોના જણાવ્યા અનુસાર કચેરીએ દસ દસ ધકકા ખાધા પછી પણ હજુ નોંધ પડતી નથી. આ ફરીયાદ બાદ કચેરીના ઈ-ધરા કેન્દ્રમાં તપાસ કરતાં જુન ૨૦૧૩થી વારસાઈ નોધની કાર્યવાહી જ થતી ન હોવાનો ચોકાવનારો ખુલાસો સબંધીત અધિકારીઓ ધ્વારા કરવામાં આવ્યો હતો.

ઈ-ધરા કેન્દ્ર ના નાયબ મામલતદાર ના જણાવ્યા અનુસાર મુજબ કેટલાક ટેકનીકલ કારણોસર જુન ૨૦૧૩ થી વારસાઈ નોંધ ની એન્ટ્રી સોફટવેર સ્વીકારતુ ન હોવાથી આ પ્રશ્ન સર્જાયો છે. મોડાસા, ખલીકપુર, સાયરા, ગણેશપુરા જેવા અન્ય સ્થળો એ જયાં બીનખેતી ના સર્વે નંબરો કોમ્પ્યુટરરાઈઝ થયા નથી ત્યાં આ પ્રશ્નો સર્જાયા છે. ઓનલાઈન કામગીરી ના કારણે મેન્યુઅલ એન્ટ્રી પાડી શકાતી નથીઆ સમસ્યા અંગે ની જરૂરી જાણ જીલ્લા કલેકટર કચેરી ખાતે કરવામાં આવી છે.

રાજય સરકાર ની કોન્ટ્રાકટ પધ્ધતિઓ એજન્સીઓ ને કામગીરી થી પ્રજાના પ્રશ્નો સરળ બનવાને બદલે ગુંચવાતા જાય છે ત્યારે દોઢવર્ષ થી ખોરવાયેલી વારસાઈ નોંધ ની કામગીરી શરૂ થશે ખરી ? શરૂ થશે તો કયારે ? આવા પ્રશ્નો જરૂરતમંદો ને મુઝવી રહયા છે.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)



### સોફટવેરની ખામી અંગે એનઆઈસીનુ ધ્યાન દોર્યુ છે : મામલતદાર

મોડાસા ના માલતદાર વિશાલ સકસેનાના જણાવ્યા અનુસાર વારસાઈ નોંધ માટેના જરૂરી સોફટવેર અંગે સંલ્ગન એજન્સી એનઆઈસીને અપડેશન માટે જણાવામાં આવ્યુ છે જે વિસ્તારના ૭/૧૨ના ઉતારા ઓનલાઈન થયા નથી તે વિસ્તારમાં આ સમસ્યા સર્જાઈ છે.

# બનાસકાંઠામાં ખેડૂતોને બટાકાના પોષણક્ષમ ભાવો ન મળતા ચિંતિત

ડીસા, તા. ૫

બનાસકાંઠા જિલ્લામાં એક સમયે બટાટાનું વાવેતર માત્ર ડીસામાં જ થતુ હતુ, પરંતુ હવે બટાટાનું વાવેતર ડીસાના સીમાડા ઓળંગી પાલનપુર, વડગામ, અમીરગઢ, દાંતીવાડા, લાખાણી સહીતના તાલુકામાં વિસ્તર્યુ છે. જોકે લોકલ બટાટા કાઢવાનું શરૂ થઈ ગયું છે પરંતુ તેના પોષણક્ષમ ભાવ નહી મળતા ખેડૂતોના મુખ પર આનંદ જોવા મળતો નથી.

ગત વર્ષ બનાસકાંઠા જિલ્લામાં બટાટાનું વાવેતર ૩૪૦૦૦ હેક્ટર જમીનમાં થયું હતું, પરંતુ આ વર્ષે ૫૨,૮૩૫ હેક્ટર જમીનમાં એટલે કે ગત વર્ષ કરતા દોઢુ વાવેતર થયું છે. ૭૫ દિવસે તૈયાર થઈ જતા બટાટા કાઢવાની શરૂઆત થઈ ગઈ છે. પરંતુ ખેડૂતોની ફરીયાદ છે કે અમોએ આ વખતે બટાટાનું બિયારણ ઘણુ મોઘુ ખરીદ્યુ હતુ. મોઘુ બિયારણ અને ખાતર તેમજ દવાઓ ખરીદી વાવેતર કર્યુ હતુ પરંતુ આ બાબતે ઘરપડાના સરપંચ ચમનજી પરમાર અને ડેપ્યુટી સરપંચ દોલજી ગોવાજી સોલંકીએ જણાવ્યું હતું કે ખેડૂતોએ ચાલુ સીજનમાં પંજાબનું ૧૬૦૦ થી ૧૭૦૦ રૂપિયા ભાવે કટ્ટુ ખરીદી વાવેતર કર્યુ હતુ. જેમાં સાંગા જાતના બટાટા ૮૦ દિવસમાં તૈયાર થઈ જાય છે. અને બાદશાહ બટાટા ૧૧૦ દિવસમાં તૈયાર થાય છે. જ્યારે પુખરાજ બટાટા ૮૫ દિવસે પાકે છે. જો કે કેટલાક ખેડૂતો ઊંચા ભાવ મળવાની આશાએ પિરીયડ પહેલા બટાટા કાઢવાની શરૂઆત કરે છે. જેમાં ધોયેલા અને ધોયા વિનાના બટાટાના ભાવમાં ૨૫ રૂપિયાનો ફરક રહે છે. આ વખતે ખેડૂતોએ મોઘુ બિયારણ ખરીદી વાવેતર કર્યુ હોવા છતાં પોષણક્ષમ ભાવ મળતા નથી.

### ચાલુ સીઝનમાં રાયડાનું વાવેતર ઘટ્યુ અને બટાટાનું વધ્યુ

બનાસકાંઠા જિલ્લામાં એક સમયે માત્ર ડીસા તાલુકાના જ ખેડૂતો બટાટાનું વાવેતર કરતા હતા અને ડીસા બટાકા નગરી તરીકે ઓળખાતી હતી પરંતુ જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો હવે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી વાવેતર કરી રહ્યા છે. ગત વર્ષ જિલ્લામાં ૩૪૦૦૦ હેક્ટર જમીનમાં બટાટાનું વાવેતર થયું હતુ, જ્યારે ચાલુ વર્ષે ૫૨,૮૩૫ હેક્ટર જમીનમાં વાવેતર થયું છે. જ્યારે ગત વર્ષે રાયડાનું વાવેતર ૧,૭૦,૦૦૦ હેક્ટરમાં થયુ હતુ, જ્યારે ચાલુ વર્ષે ૧,૨૨,૫૨૦ હેક્ટર જમીનમાં વાવેતર થયું છે.

### ચાલુ સાલે બિયારણ મોઘુ થતાં પોષણક્ષમ ભાવ નહી

ગત વર્ષ કરતા આ વર્ષે બટાટાનું વાવેતર મોઘુ હતુ. ખાતરના ધુમ કાળાબજાર અને મોઘા બિયારણ વચ્ચે પણ ઊંચા ભાવ મળવાની આશાએ ખેડૂતોએ બટાટાનું બમ્ફર વાવેતર કર્યુ હતુ. છતાં ગત વર્ષે અને ચાલુ વર્ષ દરમ્યાન બટાટાના ભાવમાં ઝાઝો ફેર નથી. આ બાબતે ડીસા એપીએમસીના સૂત્રોએ જણાવ્યું હતું કે ગત વર્ષે જાન્યુઆરી મહીના દરમ્યાન બટાટાના ભાવ ૨૦ કિગ્રા દીઠ રૂ. ૧૭૦ થી ૨૪૦ વચ્ચે હતો જ્યારે આજની હરાજી રૂ. ૧૭૯ થી ૨૫૧ નોંધાવા પામી છે. જ્યારે ડીસાના ખેડૂત રામપ્રસાદ બોઘાએ જણાવ્યું હતું કે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# ડીસા તાલુકા પોલીસે એક વર્ષથી સંતાતા ફરતા બોગસ તબીબને ઝડપ્યો : આઠ દિવસના રીમાન્ડ

ડીસા, તા. ૫

બનાસકાંઠા જીલ્લા આરોગ્ય અધિકારીની સૂચનાએ એક વર્ષ અગાઉ બોગસ તબીબ ઝડપી પાડવા હાથ ધરાયેલા અભિયાનમાં ડીસા તાલુકાનાં વિઠોદર ગામેથી એક બોગસ તબીબ અનઅધિકૃત રીતે ડીગ્રી વિના એલોપેથીક ેક્ટીશ કરતા તેની વિરુદ્ધ આરોગ્ય અધિકારીએ ડીસા તાલુકા પોલીસમાં ફરિયાદ નોધાવી હતી. પોલીસ પકડથી ભાગતા આ તબીબને પોલીસે ઝડપી કોર્ટમાં રજુ કર્યો હતો. જેમાં કોર્ટે આઠ દિવસના પોલીસ કસ્ટડી નાં રિમાન્ડ આપ્યા હતા.

બનાસકાંઠાના ડીસા તાલુકાનાં વિઠોદર ગામે એક વ્યક્તિ વગર ડીગ્રી એ એલોપેથીક ેક્ટીશ કરતા હોવાની જીલ્લા આરોગ્ય અધિકારી અરવિંદ આચાર્યને માહિતી મળતા તપાસ માટે ટીમ મોકલાઈ હતી, જેમાં વિઠોદર ગામે પહોચેલી ટીમની તપાસ અહી ેક્ટીશ કરતા બોગસ તબીબ રમેશભાઈ દલસંગભાઈ રાવળ બોગસ ડીગ્રી પર એલોપેથી દવાઓ રાખી દર્દિઓ નાં જીવન સાથે ગંભીર -કાર નાં ચેડા કરતા હોવાનું માલુમ પડ્યું હતું, to vli તે baad ની વધુ તપાસ માં બોગસ તબીબ એવા રમેશભાઈ રાવળ ભારત સરકાર માન્ય તદ્દન બોગસ સર્ટીફીકેટ પર જી.એન. એમ. કોર્ષ, નર્શિંગ કોર્ષ, એમ.પી.એચ કોર્ષ, ડબ્લ્યુ એસ,આઈ.કોર્ષ, લેબ ટેકનીશીયન કોર્ષ,એક્ષરે ટેકનીશીયન કોર્ષ જેવા આરોગ્ય વિષયક કોર્ષ ચલાવી, બમેબમ ચલાવી નોકરી વાન્છુક વિદ્યાર્થી ઓ ની છેતરપીંડી કરતા હોવાનું પણ મળેલ પુરાવા એ માલુમ પડતા આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું હતું, તે બાદ આ મામલે જીલ્લા આરોગ્ય વિભાગ નાં વહીવટી અધિકારી એ ગત તારીખ ૨૯-૧૧-૨૦૧૩ નાં રોજ આ તબીબ વિરુદ્ધ ડીસા તાલુકા પોલીસ મથકે વિગતે ફરિયાદ આપી હતી.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧